# 19 વાદન

એક દિવસની વાત છે. ગણેશ તબલાં વગાડતો હતો, મહેશ હાર્મોનિયમ વગાડતો હતો અને કેતન ઢોલક વગાડતો હતો. ત્રણેયની જુગલબંધી ખૂબ મજાની ચાલતી હતી. ત્યાં જ અચાનક કેતકીએ એમનાં સંગીતનો અવાજ સાંભળ્યો અને ત્યાં દોડતી આવી અને જ્યાં સુધી એમનું વાદન બંધ ન થયું ત્યાં સુધી સ્થિર બેસી જ રહી. એમનું વાદન પૂર્ણ થયું એટલે તે ગણેશને કહે, ''તમે કેટલું સુંદર વાદન કરો છો. મને આ વાદ્યોનો પરિચય કરાવશો ?'' ગણેશે કહ્યું, ''હા ચોક્કસ... કેમ નહીં, ચાલ તને તબલાં, હાર્મોનિયમ અને ઢોલકનો પરિચય કરાવું.''

**તબલા**

પ્રાચીન સમયમાં પખાવજ, મૃદંગ જેવાં વાદ્યોનો સાથ-સંગતમાં ઉપયોગ થતો. આજના સમયમાં શાસ્ત્રીય સંગીત, સુગમ સંગીત અને લોકસંગીત જેવા પ્રકારોમાં સંગત માટે તાલવાદ્ય તરીકે તબલા ખૂબ પ્રચલિત છે. તબલા એ અવનધ વાદ્ય છે. અવનધ એટલે જેના પર ચામડું મઢેલું હોય.


તબલા બે ભાગમાં હોય છે : (1) દાહ્યું (તબલું) (2) બાહ્યું (ડગ્ગો)

**1. દાહ્યું (તબલું) :** તબલું લાકડામાંથી બને છે.

**2. બાહ્યું (ડગ્ગો) :** બાહ્યું ધાતુમાંથી બને છે.

દાહ્યું (તબલું), બાહ્યું (ડગ્ગો) બન્ને અંદરથી પોલાં હોય છે. તેના પર ચામડાની પુડી ચઢાવવામાં આવે છે.

તબલાના અન્ય ભાગો ચિત્રમાં જોઈશું.





(1) શાહી
(2) મેદાન
(3) ચાટ
(4) ગજરો
(5) વાધર, બદ્ધી
(6) ગટ્ટા
(7) ચુંબલ, ઇંડરી
(8) રક્ષાગાદી
(9) ગુડરી, પીંડી
(10) ઘર
(11) હથોડી
(12) કોઠી
(13) કુંડી

**તબલા પર બોલને વગાડવાની રીત :**



**કે** : બાહ્યામાં શાહી પાસે કાંડું મૂકીને થાપટ મારવી.




**ગે** : બાહ્યામાં શાહી પાસે કાંડું મૂકીને ત્રણ આંગળીઓ મેદાન પર મારવી.



**ના** : તબલા પર પહેલી આંગળી વડે ચાટ પર વગાડવું.



**ધા** : 'ના' અને 'ગે' સાથે વગાડવા.



**ધીં** : તબલા પર પહેલી આંગળીથી શાહી પાસે અને બાહ્યામાં 'ગે' સાથે વગાડવા.




**તીં** : તબલા પર પહેલી આંગળીથી શાહી પાસે અને બાહ્યામાં 'કે' સાથે વગાડવા.

**હાર્મોનિયમ**

હાર્મોનિયમની શોધ ફ્રાંસના વિદ્વાન સંગીતકાર એલેક્ઝાન્ડર ડેબિને કરી હતી.

હાર્મોનિયમ સુષિરવાદ્યની શ્રેણીમાં આવે છે. સુષિર એટલે હવા ભરવાથી વાગતું વાદ્ય. હાર્મોનિયમ પશ્ચિમના દેશોનું વાદ્ય છે પરંતુ વર્તમાન સમયમાં ભારતમાં આ વાદ્યનો ખૂબ પ્રચાર થયો છે.


શાસ્ત્રીય સંગીત, સુગમસંગીત, ફિલ્મીસંગીત અને લોકસંગીત જેવા પ્રકારોમાં સંગત માટે હાર્મોનિયમ ખૂબ ઉપયોગી છે.






**ઢોલક**

ઢોલક એ પરંપરાગત ભારતીય લોકવાદ્ય છે જે લાકડામાંથી બનાવવામાં આવે છે. તે સંપૂર્ણ પોલું હોય છે. તેને બન્ને તરફ પઢી ચઢાવવામાં આવે છે, જે દોરી વડે એકબીજા સાથે જોડાયેલ હોય છે. દોરીને તંગ કે ઢીલી કરવાથી એનો સ્વર ઉપર નીચે થાય છે. મોટા ભાગ તરફ અંદરથી મસાલો ભરવામાં આવે છે જે મધુર અવાજ ઉત્પન્ન કરવામાં સહાયક થાય છે. આ વાદ્ય લોકગીત, ભજન, ફિલ્મીસંગીતમાં વિશેષ ઉપયોગી છે.




**તાલ : દાદરા**

**માત્રા :** 6

**તાલી :** 1 (પહેલી માત્રા પર)

**ખંડ :** 2 (3 + 3) **ખાલી** : 1 (ચોથી માત્રા પર)

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| ઠેકો | ધા | ધીં | ના | ધા | તીં | ના | ધા |
| ચિહ્ન | × | | | 0 | | | × |

આ તાલ બંધબાજનો છે. તબલાં પર વગાડાય છે. આ તાલનો ઉપયોગ લોકગીત, ભજન, સુગમ સંગીત અને શાસ્ત્રીય સંગીતમાં પણ થાય છે.

**તાલ : ત્રિતાલ** **માત્રા :** 16 **તાલી :** 3 (1, 5, 13મી માત્રા પર)

**ખંડ :** 4 (4 + 4 + 4 +4) **ખાલી :** 1 (9મી માત્રા પર)

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 |
|---|---|---|---|---|---|---|---|---|
| ઠેકો | ધા | ધીં | ધીં | ધા | ધા | ધીં | ધીં | ધા |
| ચિહ્ન | × | | | | 2 | | | |

| માત્રા | 9 | 10 | 11 | 12 | 13 | 14 | 15 | 16 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઠેકો | ધા | તીં | તીં | તા | તા | ધીં | ધીં | ધા | ધા |
| ચિહ્ન | 0 | | | | 3 | | | | × |

આ તાલ બંધબાજનો છે. તબલાં પર વગાડવામાં આવે છે. આ તાલનો ઉપયોગ શાસ્ત્રીય સંગીતમાં બધી લયમાં થાય છે.

**તાલ : કહરવા** **માત્રા :** 8 **તાલી :** 1 (પહેલી માત્રા પર)

**ખંડ :** 2 (4 + 4) **ખાલી :** 1 (પાંચમી માત્રા પર)

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | 8 | 1 |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ઠેકો | ધા | ગે | ન | તીં | ન | ક | ધીં | ન | ધા |
| ચિહ્ન | × | | | | 0 | | | | × |

આ તાલ બંધબાજનો છે. તબલાં પર વગાડવામાં આવે છે. આ તાલનો ઉપયોગ લોકગીત, ભજન, સુગમસંગીત અને ઠુમરી ગાયનમાં થાય છે.

**તાલ : ખેમટા** **માત્રા :** 6 **તાલી :** 1 (પહેલી માત્રા પર)

**ખંડ :** 2 (3 + 3) **ખાલી :** 1 (ચોથી માત્રા પર)

| માત્રા | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 1 |
|---|---|---|---|---|---|---|---|
| ઠેકો | ધીં | નધીં | નક | તીં | નધીં | નક | ધીં |
| ચિહ્ન | × | | | 0 | | | × |

આ તાલ બંધબાજનો છે, જે તબલાં પર વગાડાય છે. આ તાલનો ઉપયોગ લોકગીત, ભજન, સુગમસંગીતમાં થાય છે.

**વ્યાખ્યા :**

**તાલ :** સંગીતમાં સમય માપવાના સાધનને તાલ કહે છે, એટલે આપણે એને સંગીતની ઘડિયાળ કહી શકીએ.

**માત્રા :** સંગીતમાં સમય માપવાના સાધનના પ્રમાણને માત્રા કહે છે, એટલે આપણે એને સંગીતના કલાક, મિનિટ કહી શકીએ.

**ખાલી :** તાલમાં જે માત્રા પર હાથ ફેંકી ઈશારો બતાવાય તેને ખાલી કહે છે. જે તાલના ચિહ્નમાં '0' તરીકે દર્શાવાય છે.

**તાલી :** તાલમાં જે માત્રા પર હાથથી તાલી આપવામાં આવે છે તેને તાલી કહે છે. જે તાલના ચિહ્નમાં 1, 2, 3, 4 વડે દર્શાવાય છે.

### સ્વાધ્યાય

**1. નીચે આપેલા પ્રશ્નોનો જે વિકલ્પ સાચો હોય તે વિકલ્પ પરના કૌંસ પર '✓' નિશાની કરો.**

(1) તબલાં કયા પ્રકારનું વાદ્ય છે ?

(A) સુષિર (B) ઘન (C) અવનધ (D) તંતુ

(2) નીચેનામાંથી કયું સુષિરવાદ્ય છે ?

(A) તબલાં (B) ઢોલક (C) હાર્મોનિયમ (D) મંજીરા

(3) ઢોલક કયા પ્રકારનું વાદ્ય છે ?

(A) સુષિર (B) ઘન (C) અવનધ (D) તંતુ

(4) ઢોલકના કયા ભાગમાં મસાલો લગાવાય છે ?

(A) નાનો (B) મોટો (C) દોરી (D) કડી

(5) દાદરા તાલમાં કેટલી માત્રા હોય છે ?

(A) 5 (B) 6 (C) 7 (D) 8

(6) ત્રિતાલમાં કેટલી માત્રા હોય છે ?

(A) 6 (B) 8 (C) 16 (D) 10

(7) કહરવા તાલમાં કેટલી માત્રા હોય છે ?

(A) 7 (B) 16 (C) 8 (D) 14

(8) ખેમટા તાલમાં કેટલી માત્રા હોય છે ?

(A) 16 (B) 6 (C) 8 (D) 12

(9) સંગીતમાં સમય માપવાના સાધનને શું કહે છે ?

(A) તાલ (B) માત્રા (C) ઠેકો (D) ખંડ

(10) સંગીતમાં સમય માપવાના સાધનના એક પ્રમાણને શું કહે છે ?

(A) તાલ (B) માત્રા (C) તાલી (D) ખાલી

**2. ખાલી જગ્યા પૂરો :**

(1) 'ના' અવાજ ...... પર વાગે છે.

(2) 'ગે' અને 'કે' અવાજ ...... પર વાગે છે.

(3) તબલાં પર ...... અને ...... સાથે વગાડતાં 'ધા' અવાજ આવે છે.

(4) ધમણ ...... વાદ્યમાં હોય છે.

(5) ...... માં મસાલાયુક્ત પુડી હોય છે.

**3. જોડકાં જોડો :**

| અ | બ |
|---|---|
| (1) હાર્મોનિયમ | (1) લોકવાદ્ય |
| (2) તબલાં | (2) સુષિરવાદ્ય |
| (3) ઢોલક | (3) અવનધ |
| (4) કહરવા | (4) ચાર ખંડ |
| (5) ત્રિતાલ | (5) બે ખંડ |
| | (6) ત્રણ ખંડ |